ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૩૧-૫-૨૦૨૧, સોમવાર ૩
હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

### દાહોદની ગેંગ સૂત્રધાર : અરવલ્લી એસ.ઓ.જી.એ

# સરકારી વિભાગમાં નોકરી આપવાનું કહી ઠગાઈ આચરતી ટોળકી ઝડપી

## ખારીના બેરોજગારને છેતરતાં ભાંડો ફૂટ્યો, ૪ આરોપીઓએ ૫૩ ઉમેદવારો પાસેથી રૂા.૬૦ લાખ ઉસેડી લીધા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ બેરોજગારી વધી રહી છે ત્યારે નોકરી માટે અનેક યુવાનો છેતરાયા. ભિલોડાના ખારીના બેરોજગાર સાથે નોકરી અપાવવાનું કહી રૂા.૩ લાખની ઠગાઈ કરતાં નોકરી આપવાનું કહી ઠગારી ટોળકીના ૪ આરોપીઓને દબોચી લીધા છે. તપાસ દરમ્યાન તેઓએ તા.ગરબાડા, જિ.દાહોદ) સહિત ૪ જણની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. હદે ગરજવાન થઈ ગયા છે કે પૈસા આપીને પણ સરકારી વિભાગમાં નોકરી મેળવવા અધિરા ઠગ ટોળકીના શિકાર બનતા હોય છે. ભિલોડા તાલુકાના ખારી ગામના સંજય ધુળાભાઈ ભગોરા તપાસ કરતાં ખોટા નિમણૂંક ઓર્ડરો હોવાનું જણાતાં બેરોજગારે શામળાજી પોલીસ સ્ટેશનમાં પોલીસ વડા સંજય ખરાત દ્વારા તપાસ એસ.ઓ.જી. પી.આઈ.ને સોંપવામાં આવી અને તેઓએ





**આરોપીઓ..**

સુરેશ રામસીંગભાઈ ભૂરીયા, રહે.પાટીયા, જિ.દાહોદ
અમિત સત્યેન્દ્રપ્રકાશ શર્મા, રહે.સી-૭૯, વ્રજભૂમિ સોસાયટી, વડોદરા
શૈલેષ બચુભાઈ ડામોર, રહે.નાંદવા, જિ.દાહોદ
લાલાભાઈ નાનજીભાઈ મેડા, રહે.હાજીપુર, સાબરદાણ ફેકટરીના ગેટની બાજુમાં, હિંમતનગર (મૂળ રહે.નેલમૂર, જિ.દાહોદ)

**૫૩ ઉમેદવારો સાથે ઠગાઈ..**

બાયડ : એસ.ઓ.જી. પોલીસની તપાસ દરમ્યાન જાણવા મળ્યું છે કે આરોપીઓએ ૫૩ જેટલા ઉમેદવારો પાસેથી રૂા.૬૦ લાખ ખંખેરીને નોકરીના ખોટા ઓર્ટર પધરાવ્યા હતા. જેમાં અરવલ્લી, સાબરકાંઠા, વડોદરા, દાહોદ અને મહિસાગરના બેરોજગારો ઠગ ટોળકીના શિકાર બન્યાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા એક લેપટોપ પણ જપ્ત કરવામાં આવ્યું છે તે જોતાં ઠગ ટોળકી અને ગાંધીનગર સ્થિત કોઈ સરકારી કચેરીના કર્મચારીઓની પણ તેમાં સંડોવણી હોવાની પૂરતી આશંકા છે. તપાસ દરમ્યાન રેલો અન્ય વિભાગ સુધી પહોંચવાની સંભાવના છે. જપ્ત કરાયેલા ૫ મોબાઈલ પણ અન્ય આરોપીઓ સુધી પોલીસને પહોંચી શકે છે.

વલખાં મારી રહ્યા છે. આવા સમયે ખાણખનિજ, રેવન્યુ, સચિવાલય, હાઉસીંગ બોર્ડ અને પોલીસ વિભાગમાં નોકરી અપાવવાના બહાને છેતરપીંડી આચરનારી ગેંગ સક્રિય બની તેમાં અનેક બેરોજગારો શામળાજી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો અને તપાસ એસ.ઓ.જી.ને સોંપાતાં પી.આઈ., જે.પી.ભરવાડે વચેટીયાના સહારે ગણતરીના કલાકોમાં સરકારી વિભાગમાં ૫૩ ઉમેદવારો પાસેથી રૂા.૫૯,૮૦,૦૦૦ની ઠગાઈ કર્યાનું સામે આવતાં પોલીસ આંખો ચોળતી થઈ ગઈ છે. પોલીસે મુખ્ય સૂત્રધાર સુરેશ રામવસીંગભાઈ ભૂરીયા (રહે.પાટીયા, સરકાર તેમજ તેના વિવિધ વિભાગો જણાવતા હોય છે કે નોકરી અપાવવાના બહાને કોઈ છેતરપીંડી કરવા આવે તો અમોને જાણ કરો જેથી પોલીસ ફરિયાદ કરીએ પરંતુ બેરોજગારો એટલી થઈ જાય છે. સરકારના વિભાગોની આવી સ્પષ્ટતા છતાં પણ કેટલાક વિભાગોમાં રૂા.૧૦ થી ૧૫ લાખ આપીને નોકરીઓ મેળવી લીધાના કિસ્સા પણ જગજાહેર છે જેથી બેરોજગારો તથા તેના નજીકના ગામના અન્ય ૪ બેરોજગારોએ ખાણખનિજ વિભાગમાં સરકારી નોકરી મેળવવા માટે દાહોદની ગેંગને રૂા.૩ લાખ આપ્યા હતા. નિમણૂંક ઓર્ડરો આપ્યા અને ત્યારબાદ ફરિયાદ આપી જેથી પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦(બી) મુજબ ગુનો નોંધ્યો છે. ગુનાની ગંભીરતા જોતાં જિલ્લા વચેટીયાને પોતાની જાળમાં ફસાવ્યા પછી નોકરી અપાવવાના બહાને ખોટા નિમણૂંક ઓર્ડરો બનાવી ઉચ્ચ અધિકારીઓના ખોટા સહી-સિક્કા કરનારા આરોપીઓને દબોચી લીધા છે.

---

## મહેફીલ જામી : ધનસુરા મામલતદારે ઓફીસ સ્ટાફને તતડાવ્યો..!!

### સરકારી કર્મચારીના વાહનને નુકસાન, ગાંધીનગર સમાચારના અહેવાલ પછી વાહન રીપેરીંગમાં મોકલ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ધનસુરા મામલતદાર ઓફીસમાં બદલી થયેલા કર્મચારીના વિદાય સમારંભ પછી મહેફીલ જામ્યાના અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં જિલ્લાના સરકારી કર્મચારીઓમાં હડકંપ મચી ગયો હતો. લોકચર્ચા તો એવી છે કે ધનસુરા મામલતદારે ઓફીસ સ્ટાફને તતડાવી નાખ્યો હતો..!! માત્ર તતડાવવાથી શુદ્ધીકરણ થતું નથી. જિલ્લા કલેક્ટરે ધનસુરા મામલતદાર કચેરીના સી.સી.ટીવી કેમેરાના ફૂટેજ ચકાસવા જોઈએ અને બંધ હોય તો જવાબદાર અધિકારીનું નિવેદન નોંધવું જોઈએ કારણ કે દારૂબંધી હોવા છતાં સરકારી ઈમારતમાં મહેફીલની ઘટના નજર અંદાજ કરવો એટલે પ્રજા સાથે દ્રોહ સમાન છે.

જિલ્લાની અનેક સરકારી કચેરીઓની બહાર વિદેશી દારૂ અને બિયરની બોટલો જોવા મળી રહી છે. જો કે તેમાં કોણ અણિશુદ્ધ અને કોણ અશુદ્ધ તે કહેવું ઉતાવળીયું છે પરંતુ સરકારી કચેરીઓમાં બ્રેથ એનાલાઈઝર મશીન મૂકવામાં આવે તો આમ આદમી કરતાં કોણ વધુ દારૂ પીવે છે તેની વિગતો બહાર આવી જાય. જિલ્લામાં નશામાં ધૂત અનેક કર્મચારીઓએ જે તે ડીપાર્ટમેન્ટની આબરૂના ધજાગરા ઉડાડ્યા છે અને તેમાંય ધનસુરા મામલતદાર કચેરીમાં ચાલતો અનહદ ભ્રષ્ટાચાર જગજાહેર છે. ભૂતકાળમાં એ.સી.બી.એ પણ આ વિસ્તારમાં ટ્રેપ કરી ભ્રષ્ટ ટોળકીને સબક શીખવ્યો હતો અને હવે કર્મચારીની બદલી થાય તો વિદાય સમારંભ થવો જોઈએ પરંતુ મહેફીલ યોજવી કેટલી યોગ્ય છે..?? કહેવાય છે કે વિદાય સમારંભ પૂરો થયા પછી બે સરકારી કર્મચારીઓએ ઓફીસમાં બેસી મહેફીલ કરી અને બહાર આવી ગાળોનો વરસાદ વરસાવ્યો હતો ત્યારબાદ વાહન હંકારતાં અન્ય કર્મચારીનું વાહન નુક્સાનગ્રસ્ત થયું હતું. ગાંધીનગર સમાચારના અહેવાલ પછી વાહન તાબડતોબ રીપેરીંગ કરી પોતાના આચરણ ઉપર સફેદ ચાદર ઓઢવાનો પ્રયાસ કર્યો છે.

---

### સાબરકાંઠા જિલ્લા ચારણ સમાજનું ગૌરવ

વડાલી તાલુકાના વડગામડા ગામના વતની ડો. કે. એસ.ચારણ



જેવો છેલ્લા પંદર વર્ષથી વર્ગ ૨ તરીકે તાલુકા હેલ્થ ઓફિસર ઈડર માં આરોગ્ય ની સેવા આપેલ છે. પરંતુ તેમને વર્ગ ૧ માં પ્રમોશન મળતાં અધિક જીલ્લા આરોગ્ય અધિકારી સાબરકાંઠા માં નિમણુંક મળતાં ઈડર તાલુકાના આરોગ્ય કર્મચારીઓ હર્ષની લાગણી અનુભવે છે. ચારણ સમાજમાં સાબરકાંઠા જિલ્લામાં અને ઈડર તાલુકાનું ગૌરવ વધારેલ છે.

---

# અરવલ્લીમાં નાયબ મામલતદારે સારા ટેબલ માટે ભૂવા પાસે દાણા જોવડાવ્યા

## સર્કલમાં તોડપાણી ઓછાં થઈ જતાં મનોમન વ્યાકુળ, વેતાળ જેવી દંતકથા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અરવલ્લીમાં નાયબ મામલતદારે સારા ટેબલ માટે આકાઓ પાસે જવાના બદલે ભૂવા પાસે માતાનાં વેણ વધાવા માગી દાણા જોવડાવ્યાની સનસનીખેજ વિગત સામે આવી છે અને ગત રવિવારે ભૂવાના ધામમાં પહોંચી ઉઘાડા પગે ધગધગતા તાપમાં માનતા માટે શિશ ઝૂકાવ્યાનું જાણવા મળ્યું છે. સર્કલમાં તોડપાણી ઓછાં થઈ જતાં મનોમન વ્યાકૂળ થયેલા સરકારી કર્મચારીની વેતાળ જેવી દંતકથા આવનારા દિવસોમાં જિલ્લામાં વધુ ફૂલેફાલે તેવી છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં અનેક રત્નો અને કહેવાતા સરકારી બાબુઓએ પોતાના મનગમતા ટેબલ મેળવવા માટે પાણીની માફક પૈસાની રેલમછેલ કરતા હોવાનું જાણવા મળ્યું છે. એક નાયબ મામલતદાર તો જન્મ્યો ત્યારથી જ બિમારીના ગુણગાન ગાવામાં કોઈ કચાસ રાખતો નથી અને જ્યારે જુઓ ત્યારે મારી કમર પકડાઈ છે, મારૂ ગળું પકડાયું છે તેવા નિશાસા નાખે છે અને મલાઈદાર ટેબલ મળ્યા પછી સારો ડૉક્ટર મળ્યો અને રોગ ગાયબ જેવી મનઃ શાંતિ અનુભવે છે.

કહેવાય છે કે અરવલ્લી જિલ્લાના એક નાયબ મામલતદારે પુરવઠા, મધ્યાહન, ઈ-ધરા સહિતના ટેબલો સંભાળ્યા પછી મોડાસા કલેક્ટર કચેરીમાં મોકલવામાં આવ્યા હતા અને ત્યાં કોરોનાના કારણે ખેલ જામતો ન હોવાથી છેવટે ત્યાંથી દૂર આવેલા એક તાલુકામાં પોસ્ટીંગ મેળવી લીધું અહીંયા મનોમન વ્યાકૂળ છે અને અવાર નવાર બાયડ, મોડાસાના આંટાફેરા પણ કરી લે છે.

કહેવાય છે કે સામાન્ય અરજદાર પાસે પણ વધુ રકમ માગવામાં તેને કોઈ લાજશરમ બાકી રાખી નથી અને હવે ટૂંક સમયમાં બદલીઓ થવાની છે ત્યારે બાયડ અને ભિલોડા તાલુકામાં સારૂ ટેબલ મળે તે માટે ભૂવા પાસે વેણ વધાવા માગી દાણા જોવડાવ્યાની ગરમા ગરમ ચર્ચા જામી છે.

---

## સુશાસન દિવસ : બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપ દ્વારા જરૂરીયાતમંદોને રાશન કીટ, દવાનું મફત વિતરણ

### સ્લમ વિસ્તારમાં કોરોનાથી બચવા ઉકાળો, માસ્કનું વિતરણ કરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

કેન્દ્રમાં ભાજપ સરકારને સત્તાના ૭ વર્ષ પૂરા થતાં રવિવારે બાયડ પાલિકા કેન્દ્રમાં ભાજપના શાસનને યશસ્વી ૭ વર્ષ પૂરા થતાં તા.૩૦ મે.ના રોજ સમગ્ર રાજ્ય સહિત ઉત્તર ગુજરાત



વિસ્તારમાં સેવા હી સંગઠન સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી. બાયડ પાલિકા વોર્ડ નં.૧ થી ૬ માં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું જેમાં જરૂરીયાતમંદ વિધવા બહેનોને રાશન કીટ, સોસાયટી વિસ્તારોમાં ઈમ્યુનીટી સીસ્ટમ વધારે તેવી દવાઓનું વિતરણ તેમજ સ્લમ વિસ્તારોમાં કોરોનાથી બચવા ઉકાળો અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કોરોનાના કપરા કાળમાં પણ ભાજપના કાર્યકરોએ જીવની પરવા કર્યા વગર જરૂરીયાતમંદોને મદદરૂપ થવાના તમામ પ્રયાસો કર્યા હતા. ભાજપના અનેક કાર્યકરોની કામગીરીની પણ નોંધ લેવામાં આવી હતી.

અને અરવલ્લી જિલ્લામાં ભાજપના સંગઠન હોદ્દેદારો,



પદાધિકારીઓ દ્વારા તમામ વોર્ડ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત બેઠકમાં વિવિધ કાર્યક્રમો આયોજીત થયા. બાયડ પાલિકા વોર્ડ નં.૧ માં જરૂરીયાતમંદ બહેનોને રાશન કીટનું વિતરણ કરવાની સાથે તેમના આરોગ્ય બાબતે પણ ચિંતા કરવામાં આવી હતી. સોસાયટી તેમજ અન્ય વિસ્તારોમાં ઈમ્યુનીટી સીસ્ટમ વધારતી હોમિયાપેથીક દવાઓનું વિતરણ કરાયું. જ્યારે કોરોનાને હરાવનારા દર્દીઓને ત્યાર પછી અન્ય કોઈ આડઅસર ન થાય તે માટે દવાની કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, કોર્પોરેટર કંચનબેન પટેલ, જીજ્ઞાશાબેન રાઠોડ, પ્રકાશભાઈ સોલંકી, જિલ્લા ભાજપ સંગઠન મંત્રી મણીલાલ પંચાલ, બાયડ શહેર ભાજપ સંગઠન મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ ઉમેષભાઈ જયસ્વાલ, મંત્રી પારસ ભટ્ટ, યુવા ભાજપ અગ્રણી અતુલભાઈ બી. પટેલ, નિલેષ બ્રહ્મભટ્ટ, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

---

### ઉત્તર ગુજરાતના ૩ જિલ્લામાં સાયબર પોલીસ સ્ટેશન મંજૂર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં સાયબર ક્રાઈમ ઉપર અંકુશ લાવવાના આશય સાથે ટેકનોક્રેટ ગુનેગારોને પકડવા માટે સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં સાયબર પોલીસ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા સાયબર ક્રાઈમના પ્રિવેન્શન અને ડીટેક્શન પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરી આશ્વસ્ત પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવે છે. જે અંતર્ગત ત્રણેય જિલ્લાઓમાં સાયબર પોલીસ સ્ટેશન કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે.

નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રાખવા માટે સ્ટેટ સી.આઈ.ડી. ક્રાઈમ ખાતે સાયબર સેલ હેઠળ ૧ પોલીસ સ્ટેશન, ૯ રેન્જ કક્ષાએ અને ૪ કમિશનર રેટ વિસ્તારમાં મળી રાજ્યમાં કુલ-૧૪ સાયબર પોલીસ સ્ટેશન કાર્યરત કરવાનો રાજ્યના ગૃહ વિભાગે નિર્ણય લીધો છે. જેમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાનો સમાવેશ કરી નવા સાયબર પોલીસ સ્ટેશનને મંજૂરી આપવામાં આવી છે. સોશ્યલ મીડીયા ઉપર ભોગ બનતા તરૂણ યુવાનો, યુવતીઓ અને ખાસ કરીને મહિલાઓ સાયબર ક્રાઈમનો શિકાર બની ન છૂટકે આત્મહત્યા જેવું પગલું ભરતી હોય છે. જ્યારે ટેકનોક્રેટ ગુનેગારો સોશ્યલ મીડીયાના માધ્યમથી છેતરપીંડીના બનાવોને અંજામ આપતા હોવાથી નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રાખવા માટે સાયબર પોલીસ સ્ટેશન તૈયાર કરવા માટે આદેશ અપાયા છે.

---

## રૂપાલ પંથકમાં ૨૫૦ વીઘામાં પપૈયા પાકનું વાવેતર કરતા ખેડૂતો

ગાંભોઈ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રૂપાલ ગ્રામ્ય વિસ્તારમાં ઓછા ખર્ચે વધુ આવક અને ઉપજ આપતા પપૈયા પાકનું ૨૫૦ વીઘામાં ખેડૂતોએ વાવેતર કરેલ છે. આધુનિક ખેતી ક્ષેત્રે પરિવર્તન આવતા પ્રગતિશીલ ખેડૂતોએ દેશી પપૈયાના સ્થાને નવી જાતના બિયારણો બજારમાં આવતા વધુ ઉત્પાદન અને આવક આપતી તાઈવાન ૭૮૬ પપૈયાની જાતોનું ખેડૂતોએ વાવેતર કરેલ છે.



ખેડૂત નવીનભાઈ પટેલના જણાવ્યા મુજબ ૧૪ થી ૧૫ માસના મુદતની આ પપૈયા પાકની ખેતી માટે ગુજરાત અને મહારાષ્ટ્રને નર્સરીઓ માંથી જરૂરી માત્રામાં છોડ લાવી માર્ચથી જૂન માસના અંત સુધીમાં પપૈયાનું વાવેતર કરવામાં આવે છે. આ સમય દરમ્યાન વાવેતર કરેલ ફળ પાકનું ઉત્પાદન આગામી ઓક્ટોબર-નવેમ્બર માસમાં ફળની મંડી બજારોમાં વેચાણ અર્થે આવશે. પાકની ગુણવત્તા મુજબ ખેડૂતોને બજાર ભાવ મળતા હોય છે. પપૈયા પાકમાં સારો ઉતારો અને બજાર ભાવ ઊંચા મળે તો ખેડૂતોને વીઘા દીઠ ખર્ચ કાઢતા રૂપિયા ૮૦ હજારથી એક લાખ રૂપિયા સુધીની આવક મળી રહે છે. ખેડૂતો માટે બીજા અન્ય ખેતી પાક સામે પપૈયાની બાગાયત ખેતી અન્ય ખેતી કરતા વધુ ઉપજ અને આવક ધરાવતી ઉત્તમ ખેતી બનતા હવે ખેડૂતોએ ચીલાચાલુ ખેતીને સ્થાને નવાનવા બાગાયતી ફળપકોનીખેતી તરફ વળ્યા છે.